સરકારી ઇજનેરી કોલેજ તથા
સરકારી પોલિટેકનીક કોલેજ દ્વારા
મીક્ષ ડીઝાઇન કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર.
પરિપત્ર પત્ર ક્રમાંક: **LAB/10/2025/273/C**
તા.૨૫/૦૨/૨૦૨૫.

**<u>વંચાણે લીધા:</u>** (૧) ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦-૨૦૦૫-૩૩-પાર્ટ૨)-સી, તા. ૦૩/૧૦/૨૦૧૨.

**--:પરિપત્ર:--**

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભીત પત્રમાં શરત ક્રમાંક નંબર-૨૭માં કોંક્રીટ તેમજ આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહે છે. પરંતુ, ગેરી સમય મર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેમ ન હોય તો મંજૂરી પાત્ર સંસ્થા/ લેબોરેટરી પૈકી જે સંસ્થા/ લેબોરેટરી NABL દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેની પાસે ડીઝાઇન કરાવવા સંબંધિત કામનાં અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા ગુણદોષનાં આધારે મંજૂરી મેળવી ડીઝાઇન કરવવાનું સૂચવેલ.

પ્રસ્તુત બાબતે ગેરી દ્વારા વિલંબ થતો હોવાથી આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન સરકારી ઇજનેરી કોલેજ તથા સરકારી પોલિટેકનીક કોલેજ દ્વારા મીક્ષ ડીઝાઇન કરવા સરકારશ્રીને રજુઆતો મળેલ. જે મુજબ માર્ગ અને મકાન વિભાગના હસ્તકના રસ્તાની રીસર્ફેસીંગ કામગીરીમાં કામ શરૂ થતા પહેલા કરવાની થતી આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન કરાવવા માટે સરકારી ઇજનેરી કોલેજ તથા સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન કરાવવા સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીએ મંજૂરી આપવાની રહેશે તથા સદર કામગીરી વિના વિલંબે શરૂ થાય તેની તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓએ તકેદારી રાખવાની રહેશે.

(એમ.એમ.ચૌધરી)
ખાસ ફરજપરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (મા.મ)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(મા.મ)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રી માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરા.
- સર્વે તાંત્રિક અધિકારીશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.